ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

2025 International Year of Cooperatives

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 72 ■ અંક : 21 ■ તારીખ : 20, ફેબ્રુઆરી, 2025 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

### દેશમાં સૌ પ્રથમ સહકારી યુનિવર્સિટી ગુજરાતમાં...

# ઈન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ આણંદ (IRMA)–ત્રિભૂવન સહકારી યુનિવર્સિટી બનશે

નવી દિલ્હી : ભારતના લોક લાડીલા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકાર સે સમૃદ્ધિનું સૂત્ર આપી સહકાર મંત્રાલયની રચના કરી અને મંત્રાલયની કમાન શ્રી અમિતભાઈ શાહને સોંપી છે, આ સહકાર મંત્રાલયે 'સહકાર સે સમૃધ્ધિ'ના વિઝનને સાકાર કરવા, સહકાર આધારિત આર્થિક વિકાસ મોડેલને પ્રોત્સાહન આપવા, દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા અને પાયાના સ્તર સુધી પહોંચાડવા માટે નવી રાષ્ટ્રીય સહકાર નીતિની રચના હાથ ધરી છે અને એક અલગ વહિવટી, કાનૂની અને નીતિગત માળખું પૂરું પાડવામાં આવ્યું. સહકારી મંત્રાલય દ્વારા ખૂબ દૂરંદેશી યોજનાઓ બનાવી 27 મહિનાના ટૂંકાગાળામાં તેના અમલીકરણ માટે ત્રિ-સ્તરિય માળખું ગોઠવી વિવિધ 54 પગલાં લીધા છે. તેમાં મહત્વની ત્રણ સહકારી સંસ્થાઓ 1. નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ (NECL), 2. ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (BBSSL), 3. નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ(NCOL)ની સ્થાપના કરી હતી. અને હવે અમૂલ શ્વેતક્રાંતિના સર્જક ત્રિભૂવનદાસ પટેલના નામથી દેશની સૌ પ્રથમ સહકારી યુનિવર્સિટી ગુજરાતમાં બનાવવામાં આવશે. હાલમાં આણંદ ખાતે આવેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ આણંદ (IRMA)ને એક યુનિવર્સિટી બનાવવામાં આવશે. જે 'ત્રિભૂવન સહકારી યુનિવર્સિટી' તરીકે ઓળખાશે અને તેને રાષ્ટ્રીય મહત્વની સહકારી સંસ્થા તરીકે જાહેર કરવામાં આવશે. જે ગુજરાત રાજ્ય અને સહકારી જગત માટે ગૌરવપ્રદ બાબત છે.

ન્યૂ દિલ્હી : રાજ્ય મંત્રીશ્રી કૃષ્ણપાલ ગુર્જરે લોકસભામાં ત્રિભૂવન સહકારી યુનિવર્સિટી બિલ-2025 રજૂ કર્યું હતું. આ બિલ લોકસભામાં પસાર થયા પછી, તેને મંજૂરી માટે રાજ્યસભામાં મોકલવામાં આવશે, અને પસાર થયા પછી, તેને ભારતના રાષ્ટ્રપતિ પાસે તેમની સંમતિ માટે મોકલવામાં આવશે. એવું માનવામાં આવે છે કે બિલમાં કંઈ વિવાદાસ્પદ નથી, અને તે સંસદના બંને ગૃહોમાં સરળતાથી પસાર થવાની અપેક્ષા છે. આ બિલનો



હેતુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ આણંદ (IRMA) ને એક યુનિવર્સિટી તરીકે સ્થાપિત કરવાનો છે, જે 'ત્રિભૂવન સહકારી યુનિવર્સિટી' તરીકે ઓળખાશે અને તેને રાષ્ટ્રીય મહત્વની સંસ્થા તરીકે જાહેર કરવાનો છે.

બિલ મુજબ, યુનિવર્સિટી સહકારી ક્ષેત્રમાં ટેકનિકલ અને મેનેજમેન્ટ શિક્ષણ અને તાલીમ આપવા, સહકારી સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા અને સંસ્થાઓના નેટવર્ક દ્વારા દેશમાં સહકારી



ચળવળને મજબૂત બનાવતી વખતે 'સહકાર સે સમૃદ્ધિ' ના વિઝનને પ્રાપ્ત કરવા માટે આ ક્ષેત્રોમાં વૈશ્વિક શ્રેષ્ઠતા માટે પ્રયત્નશીલ રહેશે.

બિલ હાલની સંસ્થાને યુનિવર્સિટીની શાળાઓમાંની એક તરીકે પણ જાહેર કરે છે અને તેની સ્થાપના અને કામગીરીને લગતી બાબતોને આવરી લે છે.

તે કોઈપણ સત્તાવાળા દ્વારા નિયમો ઘડવાની જોગવાઈ કરે છે, ખાતરી કરે છે કે તે આ કાયદાની જોગવાઈઓ તેમજ તેના હેઠળ બનાવેલા કાયદાઓ અને વટહુકમો સાથે સુસંગત છે. બિલ યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા અને યોગ્ય વાર્ષિક હિસાબો જાળવવાનું ફરજિયાત બનાવે છે, જેનું ઓડિટ ભારતના કોમ્પ્ટ્રોલ અને ઓડિટ



જનરલ દ્વારા કરવામાં આવશે. તે તેની નાણાકીય પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે

અનુસંધાન પાના નંબર : 3

## દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને માનનીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહને રાજ્ય સહકારી સંઘના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી લાખ લાખ અભિનંદન

# કૃષિ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે બજેટમાં 6 નવી યોજનાઓની જાહેરાત કરતી મોદી સરકાર

ન્યૂ દિલ્હી : નાણામંત્રીશ્રી નિર્મલા સીતારમણે શનિવારે કૃષિ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે 6 નવી યોજનાઓની જાહેરાત કરી હતી. બજેટમાં કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) પર લોનની મર્યાદા 5 લાખ રૂપિયાથી વધારીને 7 લાખ રૂપિયા કરવામાં આવી છે. નાણામંત્રીએ કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય દેશમાં પાક ઉત્પાદન વધારવાનો છે. સંસદમાં તેમનું આઠમું બજેટ રજૂ કરતા, શ્રી સીતારમણે કૃષિને 'વિકાસનું પ્રથમ એન્જિન' ગણાવ્યું અને પ્રધાનમંત્રી ધન-ધન કૃષિ યોજનાનો પ્રસ્તાવ મૂક્યો. આ સરકારનો ફ્લેગશિપ પ્રોગ્રામ છે, જેનો હેતુ નીચી ઉત્પાદકતા ધરાવતા, ઓછા પાકવાળા વિસ્તારો (જ્યાં બે કે ત્રણને બદલે એક જ પાક ઉગાડવામાં આવે છે) અને સરેરાશ લોનના માપદંડોથી ઓછી લોન લેવાનો લક્ષ્યાંક છે . રાજ્ય સરકારો સાથે ભાગીદારીમાં અમલમાં આવનારી આ યોજનાથી 1.7 કરોડ ખેડૂતોને લાભ થવાની અપેક્ષા છે.



### બિહારમાં મખાના બોર્ડની રચના કરવામાં આવશે

બિહારના મખાના ક્ષેત્રના ઉત્પાદન, પ્રક્રિયા અને માર્કેટિંગમાં સુધારો કરવા માટે એક સમર્પિત મખાના બોર્ડની સ્થાપના કરવામાં આવશે. બોર્ડ ખેડૂતોને એફપીઓમાં સંગઠિત કરશે અને સરકારી યોજનાના લાભો સુનિશ્ચિત કરતી વખતે તાલીમ સહાય પૂરી પાડશે.

### નવી સંશોધન ઈકોસિસ્ટમ

નવું સંશોધન ઈકોસિસ્ટમ મિશન જુલાઈ, 2024 થી શરૂ કરાયેલ 100 થી વધુ બીજની જાતોને વ્યવસાયિક ધોરણે બહાર પાડવાની યોજના સાથે ઉચ્ચ ઉપજ આપતા, જંતુ-પ્રતિરોધક અને પ્રતિકૂળ આબોહવા-સહિષ્ણુ બીજના વિકાસ અને પ્રચાર પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### ગ્રામીણ સમૃદ્ધિ અને સશક્તીકરણ કાર્યક્રમ

ગ્રામીણ બેરોજગારીને દૂર કરવા માટે સરકાર વ્યાપક 'ગ્રામીણ સમૃદ્ધિ અને સશક્તીકરણ' કાર્યક્રમ અમલમાં મૂકશે. આ કાર્યક્રમ ખાસ કરીને ગ્રામીણ મહિલાઓ, યુવા ખેડૂતો, ગ્રામીણ યુવાનો, સીમાંત અને નાના ખેડૂતો અને જમીન વિહોણા પરિવારો પર ધ્યાન કેન્દ્રિત કરશે. કઠોળના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા તરફના એક મોટા પગલા તરીકે છ વર્ષનું મિશન હળદર, અડદ અને મસૂરના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ પહેલ હેઠળ, સહકારી સંસ્થાઓ NAFED અને NCCF નોંધાયેલા ખેડૂતો પાસેથી ચાર વર્ષ માટે કઠોળની ખરીદી કરશે જેમણે આ એજન્સીઓ સાથે કરાર કર્યા છે.

### પાંચ વર્ષીય કપાસ મિશન

પાંચ વર્ષનું કપાસ મિશન ઉત્પાદકતામાં સુધારો કરવા અને 'એક્સ્ટ્રા-લોન્ગ સ્ટેપલ' કપાસની જાતોને પ્રોત્સાહન આપવા પર કામ કરશે, જે ટેક્સટાઈલ સેક્ટરમાં ભારતના સંકલિત 5-F અભિગમને સમર્થન આપશે. 60,000 કરોડના સી ફૂડની નિકાસ સાથે, માછલી અને જળચરઉછેરના બીજા સૌથી મોટા વૈશ્વિક ઉત્પાદક તરીકે ભારતની સ્થિતિને ઓળખીને, સરકાર ભારતીય વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર અને દૂર સમુદ્રોમાં માછીમારી માટે એક માળખું રજૂ કરશે. આ માટે ખાસ કરીને આંદામાન-નિકોબાર અને લક્ષદ્વીપ ટાપુઓ પર ફોકસ કરવામાં આવશે.

### આસામમાં યુરિયા પ્લાન્ટ સ્થાપવામાં આવશે

અન્ય જાહેરાતોમાં 12.7 લાખ ટનની વાર્ષિક ક્ષમતા સાથે આસામના નામરૂપમાં નવા યુરિયા પ્લાન્ટની યોજના પણ સામેલ છે. આ ઉપરાંત, સહકારી ક્ષેત્રની ક્રેડિટ કામગીરી માટે રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC) ને સમર્થન વધારવાની જાહેરાત કરવામાં આવી છે. શાકભાજી, ફળો અને અનાજ ઉગાડતા ખેડૂતો માટે ઉત્પાદન, પુરવઠા શૃંખલા, પ્રક્રિયા અને લાભદાયી ભાવ સુનિશ્ચિત કરવા માટે એક વ્યાપક કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવશે. આ પહેલ યોગ્ય સંસ્થાકીય તંત્ર દ્વારા ખેડૂત-ઉત્પાદક સંસ્થાઓ અને સહકારી સંસ્થાઓ સહિત રાજ્યોની ભાગીદારીમાં અમલમાં આવશે.

### KCC પાસેથી વધુ લોન મળશે

7.7 કરોડ ખેડૂતો, માછીમારો અને ડેરી ખેડૂતો માટે આ સબસિડીવાળી ટૂંકા ગાળાની લોનની મર્યાદા 3 લાખ રૂપિયાથી વધારીને 5 લાખ રૂપિયા કરવાની દરખાસ્ત કરવામાં આવી છે.

### આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષ - 2025નું ઉદ્‌ઘાટન કરતા શ્રી અમિતભાઈ શાહ : સહકારી વૃદ્ધિના 12 મહિનાના કાર્યક્રમનો ઉલ્લેખ કર્યો

# સહકારી સંસ્થાઓ રોજગાર, કૃષિ અને ગ્રામીણ વિકાસને આગળ ધપાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે : શ્રી અમિતભાઈ શાહ

નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે મહારાષ્ટ્ર રાજ્યમાં આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ (IYC) 2025 કેલેન્ડરનું ઉદ્વાટન કર્યું અને મુંબઈમાં રાષ્ટ્રીય શહેરી સહકારી નાણાં અને વિકાસ નિગમ (NUCFDC) કાર્યાલયનો પણ શુભારંભ કર્યો.




આ કાર્યક્રમમાં 10,000 નવા બહુહેતુક પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ (M-PACS) સભ્યો માટે તાલીમનો પ્રારંભ પણ કરવામાં આવ્યો. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીશ્રી એકનાથ શિંદે અને શ્રી અજિત પવાર સહિત મુખ્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. શ્રી શાહે જાહેરાત કરી કે સહકાર મંત્રાલયે IYC 2025 ની ઉજવણી માટે 12 મહિનાનો કાર્યક્રમ વિકસાવ્યો છે, જેનો ઉદ્દેશ્ય સહકારી ક્ષેત્રનો વિસ્તાર કરવો, પારદર્શિતા સુનિશ્ચિત કરવી અને સમાવેશકતા વધારવી છે.

તેમણે ડિસેમ્બર 2025માં આંતરરાષ્ટ્રીય વર્ષના અંત સુધીમાં, ભારતની સહકારી ચળવળ સમપ્રમાણ રીતે આગળ વધશે, જે 'સહકાર સે સમૃદ્ધિ' (સહકાર દ્વારા સમૃદ્ધિ)ના રાષ્ટ્રના વિઝનમાં નોંધપાત્ર યોગદાન આપશે. તેમજ 2047 સુધીમાં વૈશ્વિક આર્થિક પાવરહાઉસ અને વિકસિત રાષ્ટ્ર બનવાના ભારતના લાંબા ગાળાના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં સહકારી ક્ષેત્રની મુખ્ય ભૂમિકા અને સહકારી સંસ્થાઓને આગળ વધારવામાં સામાજિક સંવાદિતા, સમાનતા અને સમાવેશકતાના મહત્વ પર ભાર મૂક્યો.

NUCFDCની શરૂઆતનો હેતુ ત્રણ વર્ષમાં શહેરી સહકારી બેંકોને રાષ્ટ્રીય અને ખાનગી બેંકોની સમકક્ષ લાવવાનો છે, જે ડિજિટલ બેંકિંગ, મોબાઈલ બેંકિંગ અને આંતરરાષ્ટ્રીય વેપાર વ્યવહારો જેવી સેવાઓમાં વધારો કરશે. કોર્પોરેશન 1,465 થી વધુ શહેરી સહકારી બેંકો અને 8.25 લાખ સહકારી સંસ્થાઓને એકીકૃત કરશે, જે સંસાધનો, બેંકિંગ પ્રક્રિયાઓ અને એકાઉન્ટિંગ સિસ્ટમ્સને એકીકૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.ભારતીય રિઝર્વ બેંક

અનુસંધાન પાના નંબર : 2

# બજેટમાં PACS કોમ્પ્યુટરાઈઝેશન અને હાઈટેક કો-ઓપ્સ. પર ભાર મૂકવામાં આવ્યો છે

ન્યૂ દિલ્હી : નાણામંત્રીશ્રી નિર્મલા સીતારમણ દ્વારા શનિવારે રજૂ કરાયેલા નાણાકીય વર્ષ 2025-26 માટેના કેન્દ્રીય બજેટમાં, કેન્દ્ર સરકારે કેન્દ્રીય સહકાર મંત્રાલયને રૂ. 1,186.29 કરોડની બજેટની જોગવાઈ કરી છે.

આ બજેટમાં પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS)ના કોમ્પ્યુટરાઈઝેશન અને મંત્રાલયના સચિવાલયના એકંદર ખર્ચ માટે ભંડોળ વધારવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC)ને ગ્રાન્ટ-ઈન-એઈડ તરીકે રૂ. 500 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વધુમાં, PACSના કોમ્પ્યુટરાઈઝેશન માટે ખાસ રૂ. 560 કરોડ ફાળવવામાં આવ્યા છે, જે અગાઉના બજેટની ફાળવણી રૂ. 500 કરોડથી વધારો દર્શાવે છે. વધુમાં, IT હસ્તક્ષેપો દ્વારા સહકારી સંસ્થાઓને મજબૂત બનાવવાના હેતુથી કેન્દ્ર દ્વારા પ્રાયોજિત પ્રોજેક્ટ માટે રૂ. 25 કરોડ ફાળવવામાં આવ્યા છે. આ પહેલમાં બે મુખ્ય ઘટકોનો સમાવેશ થાય છે જેમાં કૃષિ ગ્રામીણ વિકાસ બેંકો (ARDBs) નું કોમ્પ્યુટરાઈઝેશન અને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર (RCS) ની કચેરીઓનું કોમ્પ્યુટરાઈઝેશનનો સમાવેશ થાય છે. આ પહેલનો ઉદ્દેશ ARDBs અને RCS કચેરીઓની કાર્યક્ષમતા, નફાકારકતા, પારદર્શિતા અને જવાબદારી વધારવાનો છે.

અનુસંધાન પાના નંબર : 2

# ખેડા જિલ્લા સહકારી સંઘ,નડિયાદના ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી તથા માનદમંત્રીશ્રીની બિનહરીફ વરણી કરાઈ

નડીયાદ : ખેડા જિલ્લા સહકારી સંઘ, નડિયાદની વ્ય. કમિટી સભ્યોની મિટીંગ તારીખ 28/01/2025ને મંગળવારના દિવસે વ્યવસ્થાપક કમિટી સભ્યોની મિટિંગ સંઘના બોર્ડ રૂમમાં અધ્યાસી અધિકારી ખેડા જિલ્લા સહકારી સંઘ અને નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન તંત્રશ્રી જે.પી.ઝાલાની અધ્યક્ષતામાં તેમજ જિલ્લા રજિસ્ટ્રાર શ્રુતિબેન રાવલની હાજરીમાં સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું.



સને 2024-2029 ના પાંચ વર્ષ માટે ચૂંટાયેલા સભ્યોમાંથી સંઘના પેટા નિયમ મુજબ ચેરમેન,વાઈસ ચેરમેનની ચૂંટણી કરવામાં આવી જેમાં ચેરમેન તરીકે શ્રી રાજેન્દ્રભાઈ ભૂપેન્દ્રભાઈ પટેલ અને વાઈસ ચેરમેન તરીકે શ્રી રમેશભાઈ પુંજાભાઈ પરમારની નિયુકિત સર્વાનુમતે કરવામાં આવી. તેમજ ગુજરાત રાજય સહકારી સંઘના પ્રતિનિધિ તરીકે શ્રી જયરામભાઈ મોતીભાઈ રબારીની નિમણૂક કર્યા બાદ સદર કારોબારી મિટિંગમાં માનદમંત્રી તરીકે શ્રી અર્જુનસિંહ જેસંગભાઈ વાઘેલાની નિમણૂક સર્વાનુમતે કરવામાં આવી.

ઉપર મુજબ કાર્યવાહી બાદ હાજર સૌ સભ્યોને ઉત્તરોતર પ્રગતિ કરવામાં સાથ સહકાર આપવા હાર્દિક શુભેચ્છા પાઠવી.

## રાજકોટ જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે

# વાંકાનેર તાલુકાની સહકારી મંડળીઓના કર્મચારીઓ માટે 28 દિવસના સહકારી મંત્રી-મેનેજર તાલીમ વર્ગની પૂર્ણાહુતિ

વાંકાનેર : ગુજરાત રાજય સહકારી સંઘની સહકારી શિક્ષણ, તાલીમ અને પ્રચારની યોજના અન્વયે રાજકોટ જિલ્લા સહકારી સંઘ ધ્વારા શ્રી શીત કેન્દ્ર, અમરસર ફાટક પાસે, વાંકાનેર મુકામે તારીખ 06-01-2025 થી તારીખ 03-02-2025 સુધીની મુદતનો વાંકાનેર તાલુકાની સહકારી મંડળીઓના કર્મચારીઓ માટે 28 દિવસના સહકારી મંત્રી મેનેજર તાલીમ વર્ગનો પૂર્ણાહુતિ કાર્યક્રમ રાખવામાં આવેલ.

આ તાલીમ વર્ગના પૂર્ણાહુતિ કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન રાજકોટ જિલ્લા સહકારી સંઘના માનદમંત્રીશ્રી મનસુખલાલ સંખાવરાએ સંભાળેલ, આ પૂર્ણાહુતિ કાર્યક્રમમાં જિલ્લા સંઘના ડિરેકટરશ્રી હુસેનભાઈ શેરસીયા, મહિલા સમિતિના સભ્યશ્રી ગુલબાનુબેન ખોરજીયા, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ડિરેકટરશ્રી હસનભાઈ પટેલ, ગેલેકસી ક્રેડિટ, વાંકાનેરના મેનેજરશ્રી ખોરજીયાભાઈ, જિલ્લા સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી જયશ્રીબેન ત્રિવેદી, સી.ઈ.આઈ.શ્રી એ. જે. ઘેટીયા ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી જિલ્લા સંઘના માનદમંત્રીશ્રી મનસુખલાલ સંખાવરાએ જણાવેલ હતુ કે મંડળીમાં ઉદભવતા પ્રશ્નોનું નિરાકરણ મંડળી મારફત જ કરવું જોઈએ, તમો બધા પાયાના પથ્થર સમાન છો તેમ જણાવી કર્મચારીઓની કામગીરીને બિરદાવેલ હતી, આવા તાલીમ વર્ગોમાં સતત તાલીમ મેળવીન અદ્યતન માહિતી મેળવી મંડળીમાં તેનો ઉપયોગ કરી મંડળીના વિકાસને આગળ વધારવો જોઈએ, ગામમાંથી વધુને વધુ દૂધ મંડળીમાં ભરાય તે ખાસ જોવુ જોઈએ કારણ કે મંડળીમાં દૂધ ભરવાથી સભાસદને ફાયદો થાય છે.



આ કાર્યક્રમમાં જિલ્લા સંઘના ડિરેકટરશ્રી હુસેનભાઈ શેરસીયા, મહિલા સમિતિ સભ્યશ્રી ગુલબાનુબેન ખોરજીયા, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ડિરેકટરશ્રી હસનભાઈ પટેલ વગેરેએ પ્રાસંગિક પ્રવચન આપેલ.

આ સમગ્ર કાર્યક્રમ તથા વર્ગનું સંચાલન જિલ્લા સંઘના સી.ઈ.આઈ. શ્રી એ. જે. ઘેટીયાએ કરેલ હતું, આ કાર્યક્રમના અંતમાં આભારવિધિ જિલ્લા સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી જયશ્રીબેન ત્રિવેદીએ કરેલ. આ તાલીમ વર્ગમાં 44 જેટલા તાલીમાર્થીઓએ સફળતાપુર્વક તાલીમ મેળવેલ છે. આ તાલીમ વર્ગને સફળ બનાવવા રાજકોટ ડેરી તથા શીત કેન્દ્રના સ્ટાફે સાથ સહકાર આપેલ.

## કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે

# બજેટ-2025 ને દરેક ક્ષેત્રમાં વિકસિત અને શ્રેષ્ઠ ભારત બનાવવા માટેના મોદી સરકારના વિઝનની બ્લુપ્રિન્ટ ગણાવી

નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે બજેટ-2025ને દરેક ક્ષેત્રમાં વિકસિત અને શ્રેષ્ઠ ભારત બનાવવા માટેના મોદી સરકારના વિઝનની બ્લુપ્રિન્ટ ગણાવી. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણને સમાવેશી અને દૂરંદેશી બજેટ માટે અભિનંદન પાઠવ્યા.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે બજેટ 2025 એ મોદી સરકારના વિકસિત અને સર્વાંગી ભારત બનાવવાના વિઝનની બ્લુપ્રિન્ટ છે. આ બજેટ, જે ખેડૂતો, ગરીબો, મધ્યમ વર્ગ, મહિલાઓ અને બાળકોના શિક્ષણ, પોષણ અને આરોગ્યથી લઈને સ્ટાર્ટ અપ, નવીનતા અને રોકાણ સુધીના દરેક ક્ષેત્રને આવરી લે છે, તે મોદીજીના આત્મનિર્ભર ભારતનો રોડમેપ છે. આ વ્યાપક અને દૂરદેશી બજેટ માટે હું પ્રધાનમંત્રી શ્રી મોદીજી અને નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજીને અભિનંદન આપું છું.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું કે દેશનો મધ્યમ વર્ગ હંમેશા પ્રધાનમંત્રી મોદીના હૃદયમાં રહે છે. 12 લાખ રૂપિયા સુધીની આવક પર પ્રસ્તાવિત શૂન્ય આવકવેરા મુક્તિ મધ્યમ વર્ગના નાણાકીય કલ્યાણમાં અત્યંત મદદરૂપ સાબિત થશે.

બજેટ 2025 એ મોદી સરકારના ખેડૂત કલ્યાણ પ્રત્યેના સંકલ્પનું પ્રતિબિંબ છે. 100 સૌથી ઓછી પાક ઉત્પાદકતા ધરાવતા જિલ્લાઓમાં ઉત્પાદન ક્ષમતા વધારવા માટે બજેટમાં 'પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજના'ની જાહેરાતથી લગભગ 1.7 કરોડ ખેડૂતોને લાભ થશે. આ ઉપરાંત,



'કઠોળ સ્વ-નિર્ભરતા મિશન' અને 'કપાસ ઉત્પાદકતા મિશન' ખેડૂતોની સમૃદ્ધિ અને પોષણ સુરક્ષાને પ્રોત્સાહન આપશે. ખેડૂતો મોદી સરકારની યોજનાઓ અને નીતિઓના કેન્દ્રમાં છે. યુરિયા ઉત્પાદનમાં આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે, બજેટ-2025માં, સરકારે આસામમાં 12.7 લાખ મેટ્રિક ટનની ક્ષમતા ધરાવતો યુરિયા પ્લાન્ટ ખોલવાનો નિર્ણય લીધો છે. ઉપરાંત, કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) હેઠળ લોનની રકમ 3 લાખ રૂપિયાથી વધારીને 5 લાખ રૂપિયા કરવાનો નિર્ણય ખેડૂતોને મોટી રાહત આપશે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ બજેટ 2025માં 1.5 લાખ કરોડ રૂપિયા ઉમેરીને દેશમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) માટે ક્રેડિટ ગેરંટી કવર બમણું કરવા બદલ MSME ક્ષેત્રને અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે આનાથી સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન મળશે અને ઉત્પાદન કેન્દ્રોનો વિકાસ થશે. પ્રધાનમંત્રી મોદીના વિકસિત ભારતના વિઝનને આગળ વધારવા માટે, આ બજેટ ફૂટવેર, ચામડા અને રમકડા ઉત્પાદન ઉદ્યોગો પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે પાયાના સ્તરે રોજગારીનું સર્જન કરશે. શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે ઉડાન યોજના નવા શહેરોને હવાઈ જોડાણ પૂરું પાડીને સસ્તા પરિવહનની દિશામાં ઉપયોગી સાબિત થઈ રહી

અનુસંધાન પાના નંબર : 3

# ગુજરાત રાજ્ય સહકારી સંઘ

"સહયોગ" (તિલક) રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૨૫૩૫૨૨૨૦, ફેક્સ (૦૭૯) ૨૫૩૫૧૩૬૦
Website : www.gscu.in • E-mail : gscu@rediffmail.com

જા.નં.ઈ/1840/2024-25 તા.01/02/2025

## ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ બેઝીક કોર્સ સત્રાંત પરીક્ષાનો કાર્યક્રમ

કેન્દ્ર : કામરેજ ચાર રસ્તા (જિ.સુરત), નડિયાદ (જિ.ખેડા), મહેસાણા, નારી (જિ.ભાવનગર), રાજકોટ અને અમદાવાદ

સત્રાંત લેખિત પરીક્ષા : તા.1/3/2025 થી તા.6/3/2025

સત્રાંત મૌખિક પરીક્ષા : તા.7/3/2025

| અં.નં. | તારીખ | વાર | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| 1. | 1/3/2025 | શનિવાર | સહકાર | 11.00 થી 14.00 | 80 |
| 2. | 1/3/2025 | શનિવાર | ધંધાકીય વિકાસ, આયોજન (બી.ડી.પી.) | 15.30 થી 17.00 | 40 |
| 3. | 3\|3/2025 | સોમવાર | નાણાંકીય હિસાબો અને ઓડિટ | 11.00 થી 14.00 | 80 |
| 4. | 3/3/2025 | સોમવાર | કોમ્પ્યુટર સંચાલકીય પાસાંઓ | 15.30 થી 17.00 | 40 |
| 5. | 4/3/2025 | મંગળવાર | સહકારી સંચાલન- વ્યવસ્થાપન | 11.00 થી 14.00 | 80 |
| 6. | 5/3/2025 | બુધવાર | સહકારી મંડળીઓના કાયદાકીય પાસાંઓ | 11.00 થી 14.00 | 80 |
| 7. | 6/3/2025 | ગુરૂવાર | સહકારી ધિરાણ અને બેન્કિંગ | 11.00 થી 14.00 | 80 |
| 8. | 7/3/2025 | શુક્રવાર | મૌખિક પરીક્ષા | 11.00 થી -------- | 50 |

નોંધ : તા.8/3/2025 ના બીજા શનિવારની અને તા.9/3/2025 ના રવિવારની રજા હોવાથી તા.7/3/2025 ને શુક્રવારના રોજ મૌખિક પરીક્ષા બાદ કેન્દ્રમાંથી તાલીમાર્થીઓને છુટા કરવા.

(ડૉ.રાજેન્દ્ર સી. ત્રિવેદી)
એક્ઝિક્યુટિવ ઓફિસર

# ભરૂચ જિલ્લા સહકારી સંઘ દ્વારા યોજાયેલ મહિલા યુવા સહકારી શિક્ષણ વર્ગ

મનુબર : ભરૂચ જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે વલ્લી ચેરિટેબલ ટ્રસ્ટની મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ મનુબર મુકામે તારીખ 20-01-2025 થી શરૂ થયેલ મહિલા યુવક સહકારી શિક્ષણ વર્ગનો આરંભ અને તારીખ 25-01-2025ના રોજ મહિલા કોલેજના કેમ્પસમાં પૂર્ણાહુતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોલેજની 73 બહેનોએ તાલીમમાં ભાગ લીધો હતો.

કાર્યક્રમના પ્રમુખ અને ગુજરાત રાજ્ય સહકારી સંઘના ઉપપ્રમુખ શ્રી રવિન્દ્રસિંહ રણાએ જણાવ્યું હતું કે વર્તમાન સરકારે આત્મ નિર્ભર ભારત બનાવવાનું સ્વપ્ન સેવ્યું છે અને તે સહકારી પ્રવૃત્તિ દ્વારા જ શક્ય બની શકશે. સહકારી પ્રવૃતિ ગામડાઓના આર્થિક અને સામાજિક વિકાસ માટે સદ્ધરતાં માટે શ્રેષ્ઠ ગણાય છે. ડેરી ક્ષેત્રએ સહકારી પ્રવૃત્તિમાં ખૂબ મોટું સ્થાન મેળવ્યું છે.

કાર્યક્રમનાં મુખ્ય મહેમાન મહિલા સમિતિનાં પ્રમુખ શ્રીમતી નીરૂબેન આહીરે જણાવ્યું હતું કે સહકાર એ દરેક વ્યક્તિ ઘરમાંથી જ શીખેલ છે. દરેક ક્ષેત્રમાં લક્ષની ખૂબ જરૂર છે. આ લક્ષ પ્રાપ્ત કરવા માટે પોતાનાં પરિવારને કે સમાજને સહકારી ધોરણે વિકસીત કરવો પડશે. લક્ષ, લાગણી, અને સ્વભાવ દ્વારા જ લોકો આગળ વધે છે. ડિજિટલ યુગમાં મહિલાઓએ પ્રગતિ કરવી પડશે. સ્ત્રી એ જ પૃથ્વીનું સર્જન કર્યું છે. તો પરિવાર માટે શું ન કરી શકે ?

કાર્યક્રમનાં મુખ્ય મહેમાન અને ભરૂચ જિલ્લા સહકારી સંઘના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે મહિલા - સમાજ - સહકારી ભાવનાનો સમન્વય એ સહકારી પ્રવૃતિ છે. સહકારી પ્રવૃત્તિ એ સંગઠન છે અને દરેક વ્યક્તિએ જન્મથી મરણ સુધી સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલી છે. સહકારી પ્રવૃત્તિ નિષ્ઠા અને પ્રમાણિકતાથી ચલાવીએ તો તેનો વિકાસ ચોક્કસ છે. રાષ્ટ્રને મજબૂત કરવો હોય તો સમય સાથે પરિવર્તન જરૂરી છે. કાર્યક્રમના મુખ્ય મહેમાન અને ભરૂચ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનનાં ઉપપ્રમુખ શ્રી અબ્દુલભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે મહિલાઓનો જો વિકાસ થાય તો તે જૂથ દ્વારા જ થઈ શકશે માટે જૂથ દ્વારા સહકારી પ્રવૃત્તિમાં મહિલાઓ જોડાય અને પોતાના જીવન ધોરણમાં સુધારો કરી શકે. મહારાષ્ટ્રની સહકારી પ્રવૃત્તિ કઈ રીતે ચાલે છે તે ઉદાહરણ દ્વારા જણાવી હતી.

ભરૂચ ડિ. સે. કો.ઓ. બેંકનાં કન્સલ્ટન્ટ અધિકારી શ્રી આર. પી. રાવલ અને ડબલ્યુ બી. વી. એફ. બ. ધિ. કરનારી સહકારી મંડળીનાં પ્રમુખશ્રી ઉસ્માન પટેલે બહેનોને સહકારી પ્રવૃત્તિનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત કોલેજનાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રીમતી અનસૂયાબેન વસાવાએ કર્યું હતું. કોલેજનાં વહીવટદાર શ્રીમતી નશરીનબેન દ્વારા મહેમાનોનું ફુલગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

મહિલા સી.ઈ.આઈ. શ્રીમતી મમતા એસ. પંડ્યાએ સમગ્ર તાલીમ વર્ગનું સંચાલન કર્યું હતું. જેના ભાગરૂપે વિદ્યાર્થિનીઓએ પોતાનો પ્રતિભાવ પણ આપ્યો હતો.

અંતમાં કોલેજનાં પ્રાધ્યાપિકા ડો. હેમાંગીની જાદવે આભાર વ્યક્ત કર્યો હતો.

બજેટમાં PACS.... પાના નંબર : 1નું અનુસંધાન

સહકાર મંત્રાલયના સચિવાલય અને તેની સંલગ્ન અને ગૌણ કચેરીઓના ખર્ચ માટે રૂ. 48.29 કરોડ ફાળવવામાં આવ્યા છે. આમાં મંત્રાલયના સચિવાલય, સહકારી મંડળીઓના કેન્દ્રીય રજિસ્ટ્રારનું કાર્યાલય, સહકારી ચૂંટણી સત્તામંડળ અને લોકપાલનું કાર્યાલયનો ખર્ચ આવરી લેવામાં આવ્યો છે. વધુમાં, રાષ્ટ્રીય સહકારી તાલીમ પરિષદ (NCCT) અને વૈકુંઠભાઈ મહેતા રાષ્ટ્રીય સહકારી વ્યવસ્થાપન સંસ્થા (VAMNICOM)ને પગાર માટે ગ્રાન્ટ-ઈન-એઈડ તરીકે રૂ. 53 કરોડ ફાળવવામાં આવ્યા છે. આમાં NCCT માટે રૂ. 42 કરોડ અને VAMNICOM માટે રૂ. 11 કરોડનો સમાવેશ થાય છે, જે 2023-24ની બજેટની જોગવાઈઓની તુલનામાં રૂ. 1 કરોડનો ઘટાડો દર્શાવે છે. NCCT દેશભરમાં સહકારી તાલીમ કાર્યક્રમોનું આયોજન, દેખરેખ અને મૂલ્યાંકન કરવા માટે જવાબદાર છે, જ્યારે VAMNICOM NCCTના વહીવટી કાર્યક્ષેત્ર હેઠળ રાષ્ટ્રીય સ્તરની સહકારી તાલીમ સંસ્થા તરીકે સેવા આપે છે.

સહકારી સંસ્થાઓ.... પાના નંબર : 1નું અનુસંધાન

સાથે સંકલન દ્વારા શહેરી સહકારી બેંકો સાથેના મુદ્દાઓને ઉકેલવા માટેના સરકારના પ્રયાસો પર પણ પ્રકાશ પાડ્યો. આ છત્ર સંગઠન સહકારી સંસ્થાઓ વચ્ચે સીમલેસ નાણાકીય વ્યવહારો, વિશ્વાસ અને વ્યવસાયિક તકોમાં સુધારો કરવા સક્ષમ બનાવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'સહકારીઓમાં સહકાર' ના સિદ્ધાંતથી ક્ષેત્રની આત્મનિર્ભરતા મજબૂત થશે અને આર્થિક પરિણામો વધશે. સરકારે PACS ને કોમ્પ્યુટરાઇઝ કરવા અને કામગીરીને આધુનિક બનાવવા માટે રૂ. 2,500 કરોડનું રોકાણ કર્યું છે. PACS, ડેરી, મત્સ્યઉદ્યોગ, શહેરી સહકારી બેંકો અને અન્ય ક્ષેત્રોને આવરી લેતી રેન્કિંગ સિસ્ટમ રજૂ કરવામાં આવી છે, જે ભંડોળની પહોંચ અને પારદર્શિતા સુધારવા માટે ઓડિટ, નાણાકીય કામગીરી અને બ્રાન્ડિંગ જેવા પરિમાણોનું મૂલ્યાંકન કરે છે.

શ્રી શાહે ઈથેનોલ ઉત્પાદનમાં સહકારી ક્ષેત્રની સફળતા, ખાંડ મિલની નફાકારકતામાં વધારો અને તાજેતરમાં 10 લાખ ટન ખાંડ નિકાસને મંજૂરી આપવાનો પણ ઉલ્લેખ કર્યો, જેનાથી મહારાષ્ટ્રની સહકારી સંસ્થાઓને ફાયદો થયો. તેમણે ગુજરાતના સહકારી નેતા ત્રિભૂવન દાસ પટેલના નામ પરથી ત્રિભૂવન રાષ્ટ્રીય સહકારી યુનિવર્સિટી સ્થાપવાની યોજના જાહેર કરી, જેથી સહકારી સંસ્થાઓ અને ગ્રામીણ વિકાસ માટે કુશળ વ્યાવસાયિકો વિકસાવવામાં આવે.

તેમણે 'સહકાર સે સમૃદ્ધિ' અને 'સમૃદ્ધિ સે આત્મનિર્ભરતા' (સમૃદ્ધિ દ્વારા આત્મનિર્ભરતા) પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો, જે ભવિષ્યની કલ્પના કરે છે, જ્યાં સહકારી સંસ્થાઓ સમગ્ર ભારતમાં રોજગાર, કૃષિ અને ગ્રામીણ વિકાસને આગળ ધપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

સહકારી ક્ષેત્રના.... પાના નંબર : 4નું અનુસંધાન

વ્યૂહરચનામાં સુધારો કરીને ખેડૂતોને ઘણો ફાયદો પહોંચાડશે તેવી અપેક્ષા છે. ભારત 'વિકસિત ભારત' તરફ આગળ વધી રહ્યું છે, તેમ સરકાર ખેડૂતોને સશક્તીકરણ કરવા, સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવા અને વૈજ્ઞાનિક નવીનતાને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. માન. રાષ્ટ્રપતિ દ્વારા દર્શાવેલ પહેલ આગામી વર્ષોમાં આર્થિક વિકાસ, આત્મનિર્ભરતા અને ટકાઉપણાં તરફ મજબૂતાઈ દર્શાવે છે.

મુખ્ય પહેલો પર.... પાના નંબર : 4નું અનુસંધાન

યોજના દ્વારા સહકારી વૃદ્ધિને વેગ આપી રહ્યું છે, જે નવીન વિચારો સાથે નવી રચાયેલી સહકારી મંડળીઓને ટેકો આપે છે. આ યોજના પાંચ વર્ષ સુધીની લાંબા ગાળાની લોન પૂરી પાડે છે, સાથે NCDCના લાગુ ટર્મ લોન દરો પર 2% વ્યાજ સબવેન્શન પણ આપે છે.

લોકસભામાં રજૂ કરાયેલા ડેટા અનુસાર, નાણાકીય વર્ષ 2023-24માં યુવા સહકાર હેઠળ રૂ. 295.90 લાખ મંજૂર કરવામાં આવ્યા હતા, જ્યારે નાણાકીય વર્ષ 2024-25માં (31 ડિસેમ્બર, 2024 સુધી) રૂ. 241.91 લાખ મંજૂર કરવામાં આવ્યા હતા.

વિતરણનો આંકડો અનુક્રમે રૂ. 136.30 લાખ અને રૂ. 103.53 લાખ હતો. ૨૦૨૪-૨૫માં ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને ઉત્તરાખંડને નવા પ્રતિબધ્ધો મળ્યા, જ્યારે પશ્ચિમ બંગાળને સહાય મળતી રહી. સરકાર યુવા ઉદ્યોગસાહસિક-સંચાલિત સહકારી સંસ્થાઓને પ્રોત્સાહન આપીને અને યોજના હેઠળ નાણાકીય સહાયનો વિસ્તાર કરીને સહકારી ચળવળને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

# લુણાવાડા ખાતે યુવક સહકારી શિક્ષણ વર્ગ યોજાયો

લુણાવાડા : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ અને મહીસાગર જિલ્લા સહકારી સંઘ, લુણાવાડાના સંયુક્ત ઉપક્રમે તારીખ 06/01/25 થી તારીખ 11/01/25 દરમ્યાન શ્રી પી.એન. પંડ્યા આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ,લુણાવાડા તા-લુણાવાડા, જિ. મહીસાગર ખાતે યુવક સહકારી શિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રોગ્રામના ઉદઘાટન અને પૂર્ણાહૂતિ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલશ્રી પ્રો. ડો.જસવંતસિંહ ચૌધરીએ જણાવ્યું હતું કે સહકારી માળખું એ આખા વિશ્વમાં ફેલાયેલું છે, દરેક નાગરિકને પોતાનો વિકાસ કરવા બીજા માણસોની જરૂરિયાત ઊભી રહેતી હોય છે. સહકારી સંઘો થકી શાળાઓ અને મહાશાળાઓમાં આવા પ્રોગ્રામો યોજી વિદ્યાર્થીઓને સહકારની જાણકારી અપાય છે. જે ખૂબ આવકાર્ય છે.આ પ્રસંગે મહીસાગર જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી અરવિંદભાઈ એસ.ચૌહાણે જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય સહકારી સંઘ,અમદાવાદ અમોને કામગીરીના લક્ષાંકો આપે છે, તે લક્ષાંકો અમે પૂરેપુરા પૂર્ણ કરીએ છીએ. વધુમાં જણાવ્યું હતું કે આજના જમાનામાં હિસાબો લખવાની જાણકારી મેળવીને હિસાબી પત્રકો તૈયાર કરવામાં આવે તો ઘેર બેઠા રોજગારી મેળવી શકાય તેમ છે.

આ પ્રસંગે પ્રો.શંકરભાઈ પટેલે જણાવ્યું હતું કે સહકાર વિષય એ વિશાળ ફલક ઉપર ફેલાએલો છે, અને ભવિષ્યમાં જો નોકરી ના મળે તો ઘેરબેઠા રોજગારી મેળવવાના ઘણા વિકલ્પો રહેલા છે. આ પ્રોગ્રામને સફળ બનાવવા પ્રો. કલમ જોષી, પ્રો.મણીલાલ ભરવાડ, ડો.ગીતાબેન પંચાલ, ડો.એલીસાબેન, ડો.ભાવિકાબેન, શ્રી અક્ષયભાઈ પટેલ તથા અભ્યાસ પ્રવાસ દરમ્યાન એ.પી. એમ.સી. લુણાવાડાના સ્ટાફે માર્કેટયાર્ડની કામગીરીની સુંદર માહિતી આપી હતી.

આ યુવક વર્ગમાં શ્રી મોતીભાઈ એસ. પગીએ શરૂઆતના દિવસથી છ દિવસ દરમ્યાન યુવક સહકારી શિક્ષણ વર્ગના સમય પત્રક મુજબ મોટા ભાગના વિષયોને આવરી લેવામાં આવ્યા હતા.




આ પ્રોગ્રામના પૂર્ણાહૂતિ પ્રસંગે કોલેજના વિદ્યાર્થીઓએ આવા પ્રોગ્રામો ભવિષ્યમાં યોજાય તેવું જણાવ્યું હતું. આ પ્રોગ્રામમાં મોટી સંખ્યામાં યુવક યુવતીઓ જોડાયા હતા. આ પ્રોગ્રામનું સફળ સંચાલન શ્રી મોતીભાઈ એસ.પગીએ કર્યું હતું.

# પૂણે ખાતે ગ્લોબલ ઈ.એસ.જી. કોન્કવેલમાં યુવાઓને સંબોધન કરતા યુવા નેતા શ્રી મનીષભાઈ સંઘાણી

પૂણે : પૂણે ખાતે શ્રી બાલાજી યુનિવર્સિટી, પૂણે દ્વારા તારીખ 23/01/2025 થી 25/01/ 2025 એમ ત્રણ દિવસીય યુવાઓ માટે ગ્લોબલ ઈ. એસ. જી કોન્કવેલનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં એન. સી. યુ. આઈના યુથ કમિટીના ડાયરેક્ટર, અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતાશ્રી મનીષભાઈ સંઘાણી ઉપસ્થિત રહી બાયોએનર્જી, અમર ડેરી અને યુવાઓની ભૂમિકા પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, આબોહવા પરિવર્તન હવે દૂરનો ખતરો નથી તે એક વર્તમાન વાસ્તવિકતા છે જે વૈશ્વિક સ્તરે લાખો લોકો પર છે જ્યારે ભારત જેવા દેશમાં જ્યાં કૃષિ ઉદ્યોગો પર વધારે આધાર રાખે છે તેવા સંજોગોમાં આ અસરને ઘટાડવા અને ટકાઉ ભવિષ્ય માટે પગલાં લેવા



માટે આપણે સજ્જ રહેવું પડશે.

બાયો એનર્જી એક ટકાઉ ઊર્જા ભવિષ્યમાં અમારા પ્રયાસોમાં એક શક્તિશાળી ઉકેલ તરીકે ઉભરે છે. જૈવિક કચરાને નવીન કૃત ઊર્જામાં રૂપાંતરિત કરીને બાયો એનર્જી ફોસીલ ઈંધણ પરની આપણી નિર્ભરતા ઘટાડે છે અને કચરાના સંચાલનના પડકારોનો પણ સામનો કરે છે જેમાં સહકાર મહત્વની ભૂમિકા ભજવે છે, વધુમાં કમ્પેસ્ટ બાયોગેસ, પર્યાવરણના ફાયદા, CBG માટે સહકારી આર્થિક ઝોન જેવા મુદ્દા પર યુવાનોને માર્ગદર્શન આપ્યું હતું. અંતમાં યુવાનોને આબોહવાના પડકાર સામે પગલાં લેવા જણાવ્યું હતું કે, ઝૂંબેશ અને જાગૃતિ, કૌશલ્ય વિકાસ, ટકાઉ પણામાં ઉદ્યોગસાહસિકના જેવા મહત્વના મુદ્દાઓ પર ધ્યાન આપવું પડશે.

દેશના ઈકોનોમિક.... પાના નંબર : 2નું અનુસંધાન

છે. બજેટ 2025માં UDAN યોજનાનો વિસ્તાર કરીને, તેના હેઠળ દેશભરમાં 120 નવા એરપોર્ટ વિકસાવવામાં આવશે. આનાથી 4 કરોડ વધારાના હવાઈ મુસાફરો માટે ક્ષમતા ઊભી થશે અને દૂરના વિસ્તારોમાં પરિવહનને વધુ વેગ મળશે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીએ બજેટ-2025માં દેશના યુવાનોના સપનાઓ અને આકાંક્ષાઓને નવી પાંખો આપવાનું કામ કર્યું છે. 5 વર્ષમાં 75,000 મેડિકલ સીટો ઉમેરવા, 5 IIT માં 6,500 વધારાના વિદ્યાર્થીઓની વ્યવસ્થા કરવી અને IIT અને IISc દ્વારા 10,000 રિસર્ચ ફેલોશિપ પૂરી પાડવાથી આપણા યુવાનોના ટેકનિકલ જ્ઞાનમાં વધારો થશે અને દેશના વિકાસ એન્જિનને નવી શક્તિ મળશે.

દેશના યુવાનોમાં વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણ અને સંશોધન માટેની આકાંક્ષાને વધુ સમૃદ્ધ બનાવવા માટે બજેટ 2025 ખૂબ જ મહત્વપૂર્ણ છે. આગામી 5 વર્ષમાં સરકારી શાળાઓમાં 50 હજાર અટલ ટિંકરિંગ લેબ્સ સ્થાપિત કરવાનો નિર્ણય નવી પેઢીમાં નવીનતાને પ્રોત્સાહન આપશે. ઉપરાંત, યુવાનોના કૌશલ્ય વિકાસ માટે 5 રાષ્ટ્રીય ઉત્કૃષ્ટતા કેન્દ્રો સ્થાપવાની જાહેરાત પ્રશંસનીય છે. બજેટ-2025માં મોદી સરકારે બિહારના લોકોને મહત્વપૂર્ણ ભેટ આપી છે. બિહારમાં મખાના બોર્ડની સ્થાપના, મિથિલાંચલમાં પશ્ચિમી કોશી નહેર પ્રોજેક્ટ, IIT પટનાનું વિસ્તરણ, રાષ્ટ્રીય ખાદ્ય ટેકનોલોજી સંસ્થા, ઉદ્યોગસાહસિકતા અને વ્યવસ્થાપન અને ગ્રીનફિલ્ડ એરપોર્ટ સંબંધિત નિર્ણયો બિહારને શિક્ષણ, વેપાર, જોડાણ, ખેડૂત કલ્યાણ અને રોજગારમાં મદદ કરશે. આવનારા સમયમાં. આ કેન્દ્ર બનવાનું છે.

શ્રી અમિતભાઈ શાહે વધુમાં જણાવ્યું હતું કે બજેટ 2025માં, 'ભારતીય ભાષા પુસ્તક યોજના' દ્વારા ભારતીય ભાષાઓમાં પુસ્તકો ડિજિટલ સ્વરૂપમાં ઉપલબ્ધ કરાવવાની આ જાહેરાત સાથે ભારતીય ભાષાઓને નવું જીવન મળવા જઈ રહ્યું છે. આ નિર્ણય નવી પેઢીને ભારતીય ભાષાઓ સાથે જોડવામાં અને શિક્ષણને વધુ સમાવિષ્ટ બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. બજેટ 2025 રૂ. 1 લાખ કરોડના શહેરી પડકાર ભંડોળ દ્વારા શહેરોના જીવનમાં અને વિકાસમાં નવો પ્રાણ ફૂંકશે. આ ભંડોળ આપણા શહેરોને વિકાસ અને જીવનની ગુણવત્તાના કેન્દ્ર તરીકે પુનર્જીવિત કરશે, જ્યારે રાજ્યોને 1.5 લાખ કરોડ રૂપિયાની 50 વર્ષની વ્યાજમુક્ત લોન અને 10 લાખ કરોડ રૂપિયાની મૂડી પરત કરવાની જાહેરાત આ ઉદ્દેશ્યને વધુ મજબૂત બનાવશે.

બજેટ 2025માં 20,000 કરોડ રૂપિયાના વિશાળ પરમાણુ ઊર્જા મિશનની જાહેરાત કરીને વીજ ક્ષેત્રમાં ભારતની અપાર શક્તિને ઉજાગર કરવામાં આવી છે. આ મિશન ભારતને 2047 સુધીમાં 100 GW પરમાણુ ઊર્જા ઉત્પન્ન કરવા માટે પ્રેરિત કરશે, તેમજ 5 સ્વદેશી નાના મોડ્યુલર રિએક્ટર વિકસાવવા માટે પણ પ્રેરિત કરશે. વધુમાં, પરમાણુ ઉર્જા કાયદા અને પરમાણુ નુકસાન કાયદા માટે નાગરિક જવાબદારીમાં સુધારા ખાનગી ક્ષેત્રના રોકાણ સાથે ઉદ્યોગને પુનર્જીવિત કરશે.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીએ જણાવ્યું હતું કે બજેટ-2025 આપણા દરિયાઈ અને શિપિંગ ઉદ્યોગોને આગળ વધવા માટે પ્રોત્સાહન પૂરું પાડે છે. 25000 કરોડ રૂપિયાના દરિયાઈ વિકાસ ભંડોળ અને કાચા માલ, ઘટકો, ઉપભોક્તા વસ્તુઓ અથવા જહાજો બનાવવા માટેના ભાગો પર મૂળભૂત કસ્ટમ્સ ડ્યુટીમાંથી મુક્તિ આગામી દસ વર્ષ સુધી લંબાવવામાં આવતા, ભારતનું દરિયાઈ ક્ષેત્ર વૈશ્વિક બજારોમાં સ્પર્ધા કરવામાં આગેવાની લેવા માટે તૈયાર છે. બજેટ 2025માં, 36 જીવનરક્ષક દવાઓને મૂળભૂત કસ્ટમ ડ્યુટીમાંથી સંપૂર્ણ મુક્તિ આપીને બીમાર લોકોના જીવનમાં રાહત આપવામાં આવી છે.

આ સાથે, આગામી ત્રણ વર્ષમાં તમામ જિલ્લા હોસ્પિટલોમાં ડે-કેર કેન્સર સેન્ટરો સ્થાપિત કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, જેમાંથી 200 સેન્ટરો 2025-26 માં જ ખોલવામાં આવશે. બજેટ 2025 એ ગિગ વર્કર્સની સમૃદ્ધિ માટે એક નવી તક અને નવું માધ્યમ છે. હવે ગિગ વર્કર્સને ઈ-શ્રમ પોર્ટલ પર નોંધણી કરાવીને માત્ર ઓળખ કાર્ડ જ નહીં મળે પણ આરોગ્ય સુવિધાઓનો પણ લાભ મળશે. ઉપરાંત, પીએમ સ્વનિધિ યોજનાના વિસ્તરણ સાથે, શેરી વિક્રેતાઓ UPI સાથે કનેક્ટ થઈને 30000 સુધીના ક્રેડિટ કાર્ડ અને બેંકો પાસેથી વધુ લોન મેળવી શકશે.

ઇન્સ્ટિટ્યૂટ ઓફ.... પાના નંબર : 1નું અનુસંધાન

યુનિવર્સિટી ભંડોળ પણ સ્થાપિત કરી શકશે. વધુમાં, યુનિવર્સિટી પ્રવેશ અને રોજગારમાં અનામત અંગે કેન્દ્ર સરકારની નીતિનું પાલન કરતી તમામ જાતિ, સંપ્રદાય, જાતિ અને વર્ગના વ્યક્તિઓ માટે ખુલ્લી રહેશે. કેન્દ્ર સરકાર પાસે યુનિવર્સિટીના કાર્ય અને પ્રગતિની સમીક્ષા અને નિરીક્ષણ કરવાનો અધિકાર હશે, અને તે મુજબ દિશાનિર્દેશો જારી કરવાની સત્તા હશે. આ બિલમાં કુલપતિની નિમણૂકની પણ જોગવાઈ છે, જેમની સેવાની શરતો કાયદા દ્વારા નક્કી કરવામાં આવશે.

ગુજરાત સ્થિત IRMA, જે 'ત્રિભૂવન સહકારી યુનિવર્સિટી' તરીકે ઓળખાશે, તેની સ્થાપના 1979 માં ભારતમાં શ્વેત ક્રાંતિના પિતા ડૉ. વર્ગીસ કુરિયનના નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી, જેને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB), સ્વિસ એજન્સી ફોર ડેવલપમેન્ટ કો-ઓપરેશન (SDC), ભારત સરકાર, ગુજરાત સરકાર અને ભૂતપૂર્વ ભારતીય ડેરી કોર્પોરેશનના સમર્થનથી સમર્થન મળ્યું હતું. IRMA એ વ્યાવસાયિક શિક્ષણની એક અગ્રણી સંસ્થા છે જે સઘન ફિલ્ડવર્ક દ્વારા વાસ્તવિક-વિશ્વના મેનેજમેન્ટ, પડકારો અને વંચિત સમુદાયોની સામાજિક-આર્થિક વાસ્તવિકતાઓને સમજવા પર ધ્યાન કેન્દ્રિત કરીને મેનેજમેન્ટ કાર્યક્રમો પ્રદાન કરે છે.

## પાટણ જિલ્લા સહકારી સંઘ આયોજિત

# જિલ્લાની નાગરિક સહકારી બેન્કો અને કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઓ માટે જિલ્લા કક્ષાનો સેમિનાર યોજાયો

પાટણ : પાટણ જિલ્લા સહકારી સંઘ, પાટણ આયોજિત નાગરિક સહકારી બેન્કો અને કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઓનો જિલ્લા કક્ષાનો સેમિનાર પાટણ જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી સુરેશભાઈ સી. પટેલની અધ્યક્ષતામાં સંતોકબા હોલ પાટણ ખાતે યોજવામાં આવ્યો હતો. સેમિનારમાં સહકારી બેન્કિંગ કાયદાઓના તજજ્ઞો દ્વારા જિલ્લાની નાગરિક સહકારી બેંકો તેમજ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીના મેનેજરો, ડિરેક્ટરો, હોદ્દેદારો અને કર્મચારીઓને કાયદાકીય જાણકારી પૂરી પાડવામાં આવી હતી.

આ સેમિનારની શરૂઆત પ્રાર્થનાથી કરી પધારેલા મહેમાનોનું શાબ્દીક તેમજ ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ.

પાટણ જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી સુરેશભાઈ પટેલે સૌને આવકારીને જણાવ્યું કે ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીના જન્મ દિવસ નિમિત્તે 25મી ડિસેમ્બરે દર વર્ષ માટે જિલ્લા સંઘ દ્વારા સેમિનાર આયોજન કરી માર્ગદર્શન આપે છે. સહકારિતા મોટી તાકાત છે. દેશના વિકાસમાં આપણે સહભાગી થઈ ઉત્તમ કામગીરી થકી સહકારી મોડેલ આગળ વધારવા આહવાન કરેલ.

આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત રાજ્ય સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ડો. રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ સહકારી બેન્કિંગ, સહકારી પ્રવૃત્તિ, ગુડ ગવર્નન્સ બાબતે ઊંડાણપૂર્વક સહકારી નેતાના હોદ્દેદારો મેનેજરોને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત




સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના વા. ચેરમેન તેમજ સુરત જિલ્લા કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનના ચેરમેનશ્રી જીવરાજભાઈ ગોધાણીએ તેમના સહકારી ક્ષેત્રના લાંબા અનુભવો અને સહકારી કામનો નિચોડ, ઉંડાણપૂર્વક સહકારી કાયદાની કલમો, નિયમો જોગવાઈઓ અંગે વિસ્તૃત રીતે માર્ગદર્શન પૂરું પાડેલ.

આ સેમિનારમાં પાટણ જિલ્લામાં તાલુકા ખરીદ વેચાણ સંઘો માટે શિલ્ડ હરીફાઈમાં પ્રથમ નંબરે આવનાર ધી રાધનપુર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘને મહેમાનો દ્વારા શિલ્ડ અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

આ કાર્યક્રમની આભારવિધિ જિલ્લા સંઘના ડિરેક્ટર્સ શ્રી હરિભાઈ દ્વારા કરી આભાર પ્રગટ કરેલ. જે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ રાજપુરોહીત, દેવરાજભાઈ દ્વારા કરવામાં આવેલ સમગ્ર કાર્યક્રમમાં જિલ્લા સંઘના માનદમંત્રી પ્રભુદાન ગઢવી, વાઘજીભાઈ સહિત તમામ હોદ્દેદારો તથા 250 જેટલા સભ્યોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ. સૌ પધારેલા પ્રતિનિધિઓએ જિલ્લા સહકારી સંઘનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ થયેલ.

# ખેડૂતોની અને ગામડાઓની આર્થિક - સામાજિક સમૃદ્ધિમાં સેવા સહકારી મંડળીઓનો ફાળો મહત્વનો રહ્યો છે : શ્રી કલસિંહભાઈ મેડા

દાહોદ : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની ગાઈડલાઈન મુજબ શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, નડિયાદના ઉપક્રમે દાહોદ જિલ્લા સહકારી સંઘ, દાહોદના સહયોગથી યોજાયેલ ખેડૂત વિકાસ સહકારી તાલીમ કાર્યક્રમ દાહોદ, તારીખ 20 જાન્યુઆરી 2025ના રોજ શુભારંભ કરાવતાં દાહોદ જિલ્લા સહકારી સંઘના પ્રમુખ શ્રી કલસિંહભાઈ મેડાએ જણાવ્યું હતું કે દાહોદ જિલ્લામાં લેમ્પસ-અર્થક્ષમ-સેવા મંડળીઓએ સમગ્ર જિલ્લાના આદિવાસી - પછાત ખેડૂતોની અને ગામડાઓની કાયપલટ કરી છે, સમૃદ્ધિ અને સામાજિક મોભો પ્રદાન કર્યો છે.

શુભારંભના પ્રસંગે મુખ્ય મહેમાન દાહોદ ખરીદ-વેચાણ સહકારી સંઘના પ્રમુખ અને આદિવાસી સમાજના સક્રિય કાર્યકર શ્રી નગરસિંહભાઈ પલાસે પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યું કે ખેડૂતોના કૃષિ ઉત્પાદનના ભાવો વધુને વધુ મળે - ખેત ઉત્પાદનનાં વૈજ્ઞાનિક તથા અદ્યતન સાધનો અને પ્રમાણિત બિયારણ ખાતરના વપરાશમાં સતત માર્ગદર્શન અને માહિતી મળે તે માટે દાહોદ ખરીદ વેચાણ સંઘ યોજનાબદ્ધ કાર્ય કરે છે.

સમારંભની શરૂઆતમાં સૌ મહેમાનો - પ્રતિનિધિઓનું સ્વાગત કરતાં જિલ્લા સંઘના ઉપપ્રમુખ અને ભીલ સેવા મંડળના મંત્રીશ્રી મુકેશભાઈ પરમારે જિલ્લાની લેમ્પસ અને સેવા મંડળીઓની કાર્ય સિદ્ધિઓ વર્ણવી હતી. તાલીમ કાર્યક્રમમાં નડીયાદ તાલીમ કેન્દ્રના અધ્યાપક શ્રી હર્ષદભાઈએ સને - 2021 માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે જે સહકાર મંત્રાલયની રચના કરી ત્યારથી 3 વર્ષના સમયમાં 54 જેટલી જે સહકારી વિકાસની યોજનાઓ અમલમાં મુકી તથા તે પૈકી પેક્સ મંડળીઓના વિકાસની યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

વધુમાં હર્ષદભાઈ શાહે તારીખ 1 જુલાઈ 2024 થી ભારતના સહકાર મંત્રાલય દ્વારા અમલમાં મૂકાયેલ 3 રાષ્ટ્રીય કક્ષાની ખેડૂત વિકાસ લક્ષી સહકારી મંડળીઓની રચના કરી તે અંગે માહિતી આપતાં જણાવેલ કે ખેત ઉત્પાદનને નિકાસ-પ્રમાણિત બીજ ઉત્પાદનો-જૈવિક ખાતરોની સોસાયટીઓ ખેડૂતોના વિકાસમાં મહત્વની ભૂમિકા અદા કરશે.

સદર કાર્યક્રમમાં જિલ્લા ખેતીવાડી કચેરી દ્વારા સરકારશ્રીની ખેતી વિષયક જે જે યોજનાઓ અમલમાં છે તે અંગે તથા જિલ્લા ખેતી નિયામકની કચેરી દ્વારા પ્રાકૃતિક ખેતી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે આભાર દર્શન કરતાં જિલ્લા સંઘ અને જિલ્લા ફેડરેશનના ડિરેક્ટર-મુસ્લીમ સમાજના અગ્રણી




કાર્યકર શ્રી મો. સાબીર શેખે જિલ્લા સંઘ દ્વારા આયોજિત સહકારી શિક્ષણ તાલીમના કાર્યક્રમોની માહિતી આપી હતી. તાલીમ કાર્યક્રમમાં 16 સોસાયટીઓના 103 પ્રતિનિધિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# વડોદરા જિલ્લા સહકારી સંઘ-વડોદરા

વડોદરા : વડોદરા જિલ્લા સહકારી સંઘ-વડોદરા દ્વારા વડોદરા તથા છોટાઉદેપુર જિલ્લાના સહકારી ક્ષેત્ર સાથે કાર્યરત મહિલાઓનો 'જિલ્લા કક્ષાનો મહિલા સેમિનાર' પટેલ વાડી, માંજલપુર વડોદરા મુકામે તારીખ 06-01-2025ના રોજ યોજાયો હતો. જેમાં શ્રીમતી યોગીનીબેન પંડ્યા-રીટા. આસિ. ડેપ્યુ કમિશનર પ્રોગ્રામ ઓફિસર-ICDS એ મહિલાઓના શારીરિક પોષણ અને આરોગ્ય માટેની જાણકારી આપી હતી. ડો. રાજેન્દ્રભાઈ ત્રિવેદી, એક્ઝિક્યુટિવ ઓફિસર ગુજરાત રાજ્ય સહકારી સંઘ,અમદાવાદ એ રોજગારી સર્જન કરનારી વિવિધ પ્રકારની સહકારી મંડળીઓની જાણકારી આપી હતી. જિલ્લા સંઘના અધ્યક્ષ શ્રી પ્રવીણભાઈ પટેલે રોજગારી સર્જન કરતી સહકારી મંડળીની રચના કરવા તેમજ તે અંગે સહકારી શિક્ષણ અને તાલીમ માટે જિલ્લા સહકારી સંઘનો સંપર્ક કરવા જણાવ્યું હતું. સંઘના ડિરેક્ટર શ્રીમતી મનિષાબેન પરીખે જિલ્લામાં કાર્યરત રોજગારીની નવીન તકો અને પ્રોત્સાહન આપતી મહિલા સહકારી મંડળીની અને શ્રીમતી મયુરીબેન જાદવે સાયબર ક્રાઈમ વિશે માહિતી આપી હતી.











સાત પાકના.... પાના નંબર : 4નું અનુસંધાન

| | | |
|---|---|---|
| દૂધ સંબંધિત | 78,672 કરોડ | 7.04% |
| નશીલા પદાર્થ | 5,401 કરોડ | 6.56% |
| ફળ-શાકભાજી | 5,1682 કરોડ | 5.65% |
| દાળ | 8,457 કરોડ | 5.63% |
| અનાજ | 21,075 કરોડ | 2.57% |
| **કુલ** | **3.7 લાખ કરોડ** | **6.65%** |

દેશમાં તેમની હિસ્સેદારી 4%થી લઈને 18% સુધી છે.

'મારી યોજના'.... પાના નંબર : 4નું અનુસંધાન

સામાજિક- આર્થિક પરિબળોના આધારે સરકારી યોજનાઓ માટે પાત્રતા ધરાવે છે કે કેમ તે જાણી શકશે. ■ નાગરિકોની સુલભતા માટે આ પોર્ટલ પર ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષાઓમાં માહિતી ઉપલબ્ધ થશે. ■ પોર્ટલના સરળ ઈન્ટરફેસ થકી ટેક્નીકલ જ્ઞાન ન ધરાવતા લોકો પણ તેનો અસરકારક રીતે ઉપયોગ કરી શકશે તેવી તૈયાર કરવામાં આવી છે.

**શું લાભ થશે?** ■ એક જ સિંગલ સ્ત્રોતમાંથી સરળતાથી સરકારી યોજનાઓ સંબંધિત માહિતી મેળવી શકાશે. ■ સરકારી યોજનાઓનો લાભ મેળવવા માટે અરજીની પ્રક્રિયા આ પોર્ટલ થકી સરળ બનશે. ■ છેવાડાના નાગરિકો કચેરીના ધક્કા ખાધા વગર ઘરે બેઠા યોજનાની માહિતી મેળવી શકશે.

# મુખ્ય પહેલો પર પ્રકાશ પાડી સહકારી સંસ્થાઓ માટે NCDCનો રોડમેપ રજૂ કરતા શ્રી અમિતભાઈ શાહ

ન્યૂ દિલ્હી : કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે લોકસભામાં માહિતી આપી કે રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC) એ 28 જાન્યુઆરી, 2025 સુધીમાં નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન 84,579.64 કરોડ રૂપિયા નાણાકીય સહાય તરીકે ફાળવ્યા છે.

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં, છત્તીસગઢને સૌથી વધુ 28,081 કરોડ રૂપિયાનું વિતરણ મળ્યું છે, ત્યારબાદ તેલંગાણાને 20,982 કરોડ રૂપિયા અને આંધ્રપ્રદેશને 14,732 કરોડ રૂપિયા મળ્યા છે.

સહકારી વિકાસને વેગ આપવા માટે, NCDC એ ઘણી નવી યોજનાઓ શરૂ કરી છે, જેમાં સ્વ-સહાય જૂથો (SHGs) માટે સ્વયંશક્તિ સહકાર, લાંબા ગાળાના કૃષિ ધિરાણ માટે દીર્ઘવધિ કૃષિ સહકાર અને ડેરી ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે ડેરી સહકારનો સમાવેશ થાય છે.

મત્સ્યઉદ્યોગ વિભાગ સાથે સહયોગમાં, NCDC ઊંડા સમુદ્રના ટ્રોલર પ્રોજેક્ટ્સને ધિરાણ આપી રહ્યું છે અને મહારાષ્ટ્ર અને ગુજરાતમાં મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓ માટે 44 ઊંડા સમુદ્રના ટ્રોલર ખરીદવા માટે રૂ. 25.95 કરોડ મંજૂર કર્યા છે.

ઈથેનોલ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે, NCDC એ ઈથેનોલ પ્લાન્ટ્સ, સહઉત્પાદન પ્લાન્ટ્સ અને કાર્યકારી મૂડીને ટેકો આપવા માટે એક યોજના રજૂ કરી છે. આ પહેલ હેઠળ, સહકાર મંત્રાલયે રૂ. 875 કરોડ જારી કર્યા છે, જ્યારે NCDC એ 44 સહકારી



ખાંડ મિલો (CSM)ને રૂ. 9,169.76 કરોડની 80 લોન મંજૂર કરી છે.

સરકારે પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) હેઠળ હાલના FPO વિનાના બ્લોક્સમાં 1,100 વધારાના ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO) ની રચનાને પણ મંજૂરી આપી છે. 27 જાન્યુઆરી, 2025 સુધીમાં, 958 નવા FPO નોંધાયેલા છે, જે NCDC દ્વારા અગાઉ સ્થાપિત 730 FPO માં ઉમેરાય છે, જે કુલ સંખ્યા 1,688 પર પહોંચી છે. આ પહેલનો ઉદ્દેશ્ય ખેડૂતો માટે વધુ સારા બજાર જોડાણો અને વાજબી ભાવ સુનિશ્ચિત કરવાનો છે.

NCDC ટર્મ લોન, ઈન્વેસ્ટમેન્ટ લોન અને સબસિડી દ્વારા સહકારી મંડળીઓને ધિરાણ આપવામાં, સહકારી સંસ્થાઓને મજબૂત બનાવવામાં અને અનેક ક્ષેત્રોમાં આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાનું ચાલુ રાખે છે.

વધુમાં, NCDC યુવા સહકાર

અનુસંધાન પાના નંબર : 2

## ભારતની વિશાળ સહકારી પ્રગતિ પર પ્રકાશ પાડતા રાષ્ટ્રપતિ

# સહકારી ક્ષેત્રના આર્થિક સશક્તીકરણ માટે સરકારની પહેલ અસંખ્ય રોજગારીની તકો ઊભી કરી રહી છે : માનનીય રાષ્ટ્રપતિશ્રી દ્રૌપદી મુર્મુ

ન્યૂ દિલ્હી : સંસદના સંયુક્ત સત્રને સંબોધનમાં, રાષ્ટ્રપતિશ્રી દ્રૌપદી મુર્મુએ 2025 ને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે ઉજવવામાં ભારતની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

તેમણે ભાર મૂક્યો કે દેશની 8 લાખ સહકારી મંડળીઓ, જેમાં 29 કરોડ



હિસ્સેદાર સભ્યો છે, ગ્રામીણ ભારતના લગભગ 90% ભાગનું પ્રતિનિધિત્વ કરે છે અને શહેરી વિસ્તારોમાં વિસ્તરણ કરી રહી છે. સહકારી ક્ષેત્રના આર્થિક સશક્તીકરણ માટે સરકારની પહેલ અસંખ્ય રોજગારીની તકો ઊભી કરી રહી છે.

આ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે, સરકારે 'ત્રિભુવન' સહકારી યુનિવર્સિટીની સ્થાપનાને મંજૂરી આપી છે. આ પહેલ 'સહકાર દ્વારા સમૃદ્ધિ'ની ભાવના સાથે સુસંગત છે, જેનો ઉદ્દેશ સહકારી ચળવળમાં શિક્ષણ, સંશોધન અને કૌશલ્ય વિકાસને વધારવાનો છે. માન. રાષ્ટ્રપતિશ્રી મુર્મુએ ભારતની કૃષિ પ્રણાલીને આધુનિક બનાવવા અને ખેડૂતો માટે વાજબી ભાવ સુનિશ્ચિત કરવા માટે સરકારની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી.

2023-24માં, ભારતે 332 મિલિયન ટનનું રેકોર્ડ ખાદ્ય ઉત્પાદન હાંસલ કર્યું, જે વિશ્વના દૂધ, કઠોળ અને મસાલાના સૌથી મોટા ઉત્પાદક તરીકેની સ્થિતિને મજબૂત બનાવે છે. સરકારે છેલ્લા એક દાયકામાં ખરીફ અને રવિ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) માં સતત વધારો કર્યો છે, જેનાથી ચોખા, ઘઉં, કઠોળ, તેલીબિયાં અને બરછટ અનાજની ખરીદી પરનો ખર્ચ ત્રણ ગણો વધી ગયો છે.

ખેડૂતોને વધુ ટેકો આપવા માટે, સરકારે છેલ્લા છ મહિનામાં 109 આબોહવા-સ્થિતિસ્થાપક, જૈવ-ફોર્ટિફાઈડ અને ઉચ્ચ ઉપજ આપતી પાકની જાતો રજૂ કરી છે. વધુમાં, કૃષિ માળખાને મજબૂત બનાવવા અને ગ્રામીણ વિસ્તારોમાં વધુ રોજગારીની તકો ઊભી કરવા માટે કૃષિ માળખાગત ભંડોળ યોજનાનો વિસ્તાર કરવામાં આવ્યો છે. ઘરેલું તેલીબિયાં ઉત્પાદન વધારવા અને ખાદ્ય તેલોમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે તેલીબિયાં પર રાષ્ટ્રીય મિશનને પણ મંજૂરી આપવામાં આવી છે.

રાષ્ટ્રનિર્માણમાં સંશોધન, વિજ્ઞાન અને નવીનતાના મહત્વ પર પ્રકાશ પાડતા માનનીય રાષ્ટ્રપતિશ્રી મુર્મુએ ભારતને વૈશ્વિક નવીનતા પાવરહાઉસ બનાવવાના સરકારના વિઝન પર ભાર મૂક્યો. ભારતીય હવામાન વિભાગ (IMD) ના 150 વર્ષના સીમાચિહ્નને સ્વીકારતા, તેમણે 'મિશન મૌસમ' ના લોન્ચની જાહેરાત કરી, જે હવામાન-તૈયાર અને આબોહવા-સ્માર્ટ ભારત બનાવવાના હેતુથી 2,000 કરોડ રૂપિયાની પહેલ છે. આ કાર્યક્રમ હવામાન આગાહી અને આબોહવા અનુકૂલન

અનુસંધાન પાના નંબર : 2

## વડાપ્રધાનશ્રીના ટેક્નોલોજીકલ ધ્યેય મંત્રને

# વિશ્વ સાથે સ્પર્ધામાં અગ્રેસર રહીને દેશની યુવાશક્તિ સાકાર કરે છે : શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

ગાંધીનગર : મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગિફ્ટ સિટીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સનો પ્રારંભ કરાવતા જણાવ્યું કે, ગુજરાતમાં A.I. ક્ષેત્રમાં આ સેન્ટર મહત્વપૂર્ણ થિંક ટેંક તરીકે ઉભરી આવશે. રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ અને માઈક્રોસોફ્ટ વચ્ચે ગિફ્ટ સિટીમાં A.I. સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના માટે જૂન-2024માં થયેલા MOUની ફળ શ્રુતિ રૂપે આ સેન્ટર કાર્યરત થયું છે.




એઆઈ સેન્ટર ઓફ એકસલન્સમાં રાજ્યમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ થિન્ક ટેન્કર તરીકે ઉભરી આવશે

આ સેન્ટરમાં મશીન લર્નિંગ, કોગ્નિટિવ સર્વિસીસ અને ચેટ બોટ સર્વિસ જેવી મુખ્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ ટેક્નોલોજીના વિવિધ ક્ષેત્રોના સફળ પાયલોટ પ્રોજેક્ટ્સનું રોલઆઉટ અને વિવિધ તાલીમ કાર્યક્રમો યોજાશે. મુખ્યમંત્રીએ 'યહી સમય હે, સહી સમય હે'ના વડાપ્રધાનએ આપેલા ધ્યેય મંત્રને ટેકનોલોજી યુક્ત નવીનતા સભર અભિગમથી વિશ્વ સાથેની સ્પર્ધામાં રહીને યુવાશક્તિ સાકાર કરે છે તેની પણ ભૂમિકા આપી હતી.

એટલું જ નહીં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (A.I.) સેન્ટર નાગરિકોને અસરકારક, સમયબદ્ધ સેવા પહોંચાડવા; મૂળભૂત સ્તરે નવીનતાને પ્રોત્સાહન આપીને અને ઉત્પાદન, હેલ્થકેર અને શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં ટેક્નોલોજીકલ પ્રગતિને વેગ આપીને સરકાર અને ઉદ્યોગ એમ બંને માટે વિસ્તૃત સાથ સહકાર પણ પ્રદાન કરશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માત્ર 7 જ મહિનાના ટૂંકા સમયમાં આ સેન્ટર કાર્યરત થતા વડાપ્રધાનની 'જે કહેવું તે કરવું'ની કાર્યપ્રણાલી થઈ છે તેમ પણ ઉમેર્યું હતું.

આ સેન્ટર ઓફ એક્સિલન્સની શરૂઆત સાથોસાથ મુખ્યમંત્રીએ ઈનોવેશન ચેલેન્જનું પણ લોન્ચિંગ કર્યું હતું. એમણે A.I. અને IOT લેડ સોલ્યુશન તથા સ્ટાર્ટઅપમાં ઈનોવેટિવ સોલ્યુશન્સના અર્લી એડોપ્શન માટેના 10 એવોર્ડ્સ MSMEને એનાયત કર્યા હતા. મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ફ્યુચરિસ્ટિક વિઝનથી નિર્માણ થયેલ દેશના પ્રથમ ફાઈનાન્સસિયલ ટેકસીટી ગિફ્ટ સિટી'માં સતત નવા ઈનોવેશન ઉમેરી રહ્યા છીએ.

A.I. સેન્ટર ઓફ એક્સલન્સનો પ્રારંભ ગુજરાતને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ટેકનોલોજી આધારિત વિકાસનું હબ બનાવવાની દિશામાં એક મોટું કદમ છે તેમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું.

## આર્થિક સર્વે સહકારી અને FPO માટે મહત્વપૂર્ણ ભૂમિકા જૂએ છે

# સહકારી મંડળીઓ કૃષિ, ધિરાણ અને બેંકિંગ, આવાસ અને મહિલા કલ્યાણ સહિત અનેક ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે : શ્રી નિર્મલા સીતારમણ

ન્યૂ દિલ્હી : 2024-25 માટેનો આર્થિક સર્વે સંસદમાં નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં ભારતમાં સહકારની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

સહકારી મંડળીઓ કૃષિ, ધિરાણ અને બેંકિંગ, આવાસ અને મહિલા કલ્યાણ સહિત અનેક ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ મંડળીઓ નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, ખાસ કરીને ખેડૂતો અને નાના ઉદ્યોગસાહસિકોને ધિરાણ આપીને જેઓ ઘણીવાર પરંપરાગત બેંકિંગ સેવાઓ મેળવવામાં પડકારોનો સામનો કરે છે.

સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવા માટે, ભારત સરકારે વિવિધ વ્યૂહાત્મક પહેલો અમલમાં મૂકી છે. આમાં પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (PACS) માટે મૉડેલ બાયલોઝ રજૂ કરવાનો સમાવેશ થાય છે જેથી તેમના કાર્યો માટે એક માળખાગત માળખું પૂરું પાડી શકાય.

વધુમાં, સરકારે કાર્યક્ષમતા અને પારદર્શિતા વધારવા માટે PACS ના કોમ્પ્યુટરાઈઝેશનને પ્રાથમિકતા આપી છે. વિવિધ સમુદાય જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે નવા બહુહેતુક PACS, તેમજ સમર્પિત ડેરી અને મત્સ્યઉદ્યોગ સહકારી સંસ્થાઓ સ્થાપિત કરવાનો પણ સતત પ્રયાસ ચાલી રહ્યો છે.

બીજું મુખ્ય ધ્યાન PACS ને કોમન સર્વિસ સેન્ટર્સ (CSCs) માં રૂપાંતરિત કરવાનું છે, જેનો હેતુ નાણાકીય સહાય ઉપરાંત સેવાઓ પૂરી પાડવાનો છે. સહકારી ક્ષેત્રને વધારવા માટેના અન્ય નોંધપાત્ર પગલાંઓમાં રિટેલ પેટ્રોલ અને ડિઝલ આઉટલેટ્સ સ્થાપવા અને બેંકિંગ



સેવાઓની સુલભતા સુધારવા માટે સહકારી મંડળીઓમાં માઈક્રો-એટીએમ સ્થાપિત કરવાનો સમાવેશ થાય છે. ખાસ કરીને ડેરી સહકારી મંડળીઓ માટે રૂપે કિસાન ક્રેડિટ કાર્ડ જારી કરવાથી તેમની નાણાકીય ક્ષમતાઓને મજબૂત બનાવવાની અને તેમના સભ્યોને લાભ થવાની અપેક્ષા છે.

આ પહેલની સિદ્ધિઓ નોંધપાત્ર રહી છે. વિવિધ ફેડરેશનના સમર્થનથી, ગરીબ પંચાયતોમાં 9,000 થી વધુ નવા PACS, ડેરી અને મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓની સ્થાપના કરવામાં આવી છે. વધુ સુલભતા માટે 240 PACS એ રિટેલ પેટ્રોલ અને ડિઝલ આઉટલેટ્સ ચલાવવા માટે અરજી કરી છે, જેમાંથી 39 PACS પસંદ કરવામાં આવ્યા છે.

વધુમાં, 35,293 PACS ને પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો (PMKSK) માં રૂપાંતરિત કરવામાં આવ્યા છે, જે ખેડૂતોને આવશ્યક ખાતરો અને સંબંધિત સેવાઓ પૂરી પાડે છે, જે કૃષિ ઉત્પાદકતામાં સીધો ફાળો આપે છે. 1,723 માઈક્રો-એટીએમનું વિતરણ કરવામાં આવ્યું છે, જે ઘરઆંગણે નાણાકીય સેવાઓમાં વધારો કરે છે અને ગ્રામીણ વસ્તી માટે સુલભતામાં સુધારો કરે છે.

ભાવ શોધ અને બજાર કાર્યક્ષમતામાં સુધારો કરવો એ બીજી મહત્વપૂર્ણ પ્રાથમિકતા છે. આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે બજાર માળખાને મજબૂત બનાવવું જરૂરી છે. ખેડૂતોને વ્યાપક બજારોમાં પ્રવેશ પૂરો પાડતું ઓનલાઈન પ્લેટફોર્મ, e-NAM નો અસરકારક રીતે ઉપયોગ કરીને આ સુવિધા આપી શકાય છે. ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPOs) ની સ્થાપના અને કાર્યકારી ક્ષમતાઓને ટેકો આપવાથી અને કૃષિ બજારોમાં સહકારી સંસ્થાઓને વધુ સક્રિય ભૂમિકા ભજવવા માટે સક્ષમ બનાવવાથી સમાવિષ્ટ અને કાર્યક્ષમ બજાર વાતાવરણને પ્રોત્સાહન આપવામાં મદદ મળશે.

## ગુજરાતમાં એક વર્ષમાં ઉત્પન્ન 80 ખેત-પેદાશનું મૂલ્ય 3.70 લાખ કરોડ

# સાત પાકના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં પ્રથમ, કિંમત 1 લાખ કરોડ : નેશનલ સ્ટેટેસ્ટિકલ રિપોર્ટ

અમદાવાદ : ગુજરાતમાં એક વર્ષમાં ઉત્પાદિત ખેતી અને તેની સાથે સંબંધિત 80 પેદાશોનું કુલ મૂલ્ય 3.70 લાખ કરોડ રૂપિયા છે. નેશનલ સ્ટેટેસ્ટિકલ ઑફિસના રિપોર્ટ વેલ્યુ ઑફ આઉટપુટ ફ્રોમ એગ્રીકલ્ચર એન્ડ એલાઈડ સેક્ટર્સ 2024 મુજબ, એક વર્ષમાં 7 પાકના ઉત્પાદન મૂલ્યમાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે. 2022-23માં ઉત્પન્ન થયેલા મગફળી, એરંડા, કપાસ, તમાકુના પાન, વરિયાળી, જીરુ અને વાલનું કુલ મૂલ્ય 1.08 લાખ કરોડ રૂપિયા છે.



2011-12માં ગુજરાતમાં ખેતીના વિવિધ પાકો, શાકભાજી, ફળો અને ખેતી સાથે સંકળાયેલા પેદાશો કુલ મૂલ્ય 1.48 લાખ કરોડ હતું, જે 10 વર્ષમાં અઢી ગણું વધીને 3.70 લાખ કરોડ સુધી પહોંચ્યું છે. પરંતુ આ પેદાશોમાં એક દાયકા પહેલા ગુજરાતની દેશમાં હિસ્સેદારી 7.77% હતી, જે 1.12% ઘટી છે અને 6.65% પર આવી ગઈ છે.

**દેશનું 80%થી વધુ જીરું-વરિયાળી ગુજરાતમાં ઉત્પાદિત :**

| પાક | મૂલ્ય(રૂ.) | હિસ્સેદારી |
|---|---|---|
| એરંડા | 11,100 કરોડ | 83.48% |
| વરિયાળી | 1,812 કરોડ | 80.53% |
| જીરુ | 7,554 કરોડ | 63.47% |
| તમાકુ પાન | 3,664 કરોડ | 44.79% |
| મગળી | 26,409 કરોડ | 41.67% |
| વાલ | 4,214 કરોડ | 37.55% |
| કપાસ | 53,371 કરોડ | 33.70% |

(આ તમામ પાકમાં ગુજરાત દેશમાં પ્રથમ)

**દેશના 10.67% મસાલા : ગુજરાતમાં ઉત્પાદિત**

| પેદાશ | મૂલ્ય | હિસ્સેદારી |
|---|---|---|
| તેલીબિયા | 44,756 કરોડ | 16.63% |
| માંસ | 6,882 કરોડ | 11.78% |
| મસાલા | 23,019 કરોડ | 10.67% |

અનુસંધાન પાના નંબર : 3

## નાગરિક યોજનાનો લાભાર્થી બની શકશે કે નહીં? તે જાણી શકશે

# 'મારી યોજના' પોર્ટલ : 680 સરકારી યોજનાની વિગતવાર માહિતી ઉપલબ્ધ

ગાંધીનગર : ગુજરાત સરકારના માહિતી ખાતાએ નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) સાથે સંયુક્ત રીતે 'મારી યોજના' પોર્ટલનું નિર્માણ કર્યું છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગોની યોજનાઓની માહિતી સામાન્ય નાગરિકોને એક જ ડિજિટલ પ્લેટફોર્મ પર સરળતાથી મળી રહે તેવા ઉદ્દેશથી મારી યોજના-પોર્ટલનું નિર્માણ કરાયું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની 680થી પણ વધુ યોજનાની માહિતી આ પોર્ટલ પર નાગરિકોને ઉપલબ્ધ થશે. આ પોર્ટલની મદદથી રાજ્યના નાગરિકો વિવિધ યોજનાઓથી માહિતગાર થશે. પોતાને લાગુ પડતી યોજનાઓનો લાભ મેળવી શકશે.

રાજ્ય સરકાર દ્વારા સંબંધિત યોજનાઓને લગતા કોઈપણ પ્રશ્નોના જવાબ આપવા માટે AI સંચાલિત ચેટબોટનો વિકાસ પણ કરાઈ રહ્યો છે.

**મારા ફોનમાં 'મારી યોજના' આ પોર્ટલ ઉપરથી શું શોધી શકાશે?:**

- વિવિધ સરકારી યોજનાઓ, તેનો સારાંશ, પાત્રતાના માપદંડો, મળવાપાત્ર લાભો અને જરૂરી બિડાણો, અરજી પ્રક્રિયા વિશે વિગતવાર માહિતી મળશે.
- નાગરિકો શિક્ષણ, આરોગ્ય, રોજગાર જેવા વિવિધ ક્ષેત્રોની યોજનાને સરળતાથી આ પોર્ટલ પર શોધી શકશે.
- » નાગરિકો આ પોર્ટલ પર મલ્ટિપલ પર્સનલાઈઝ્ડ ક્રાઈટેરિયા એટલે કે વિવિધ વ્યક્તિગત માપદંડોના આધારે પોતાને ઉપયોગી માહિતી શોધી શકશે.
- નાગરિકો પોતાની વ્યક્તિગત વિગતો,

અનુસંધાન પાના નંબર : 3

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 20-02-2025